રેગ્યુલર દીવાની દાવા ન.૪૪/૨૨

<u>આંક ૫ લગત હુકમ</u>

(૧)અરજી વંચાણે લીધી. અરજીના કામે થયેલ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ ધ્યાને લીધો. કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ ધ્યાને લીધું. વાદીપક્ષે વી.વ.શ્રી હાજર છે, પ્રતિવાદીના વી.વ.શ્રી હાજર છે. રેકર્ડ ધ્યાને લેતા, હાલના કામે પ્રતિવાદી પક્ષે રજુ લેખિત જવાબનું કાઉન્ટર એફિડેવિટ રજુ રાખવાનાં તબક્કે વિકલ્પે સમાધાન માટે આ કામ મુલતવી રહેલ છે, પરંતુ આજરોજ કોઈ જ કાઉન્ટર એફિડેવિટ રજુ થયેલ નથી, અને હાલના કામે યથાવતપરિસ્થિતિ જાળવી રાખવાનો જે હુકમ થયો ત્યારથી લઈને આજદિન સુધી આ કેસમાં હાલની અરજી પરત્વે કોઈ સુનાવણી થવા પામેલ નથી, અને આજરોજ પણ બન્ને પક્ષે તે બાબતે કોઈ જ રજૂઆત પણ નથી. નજીકનાં ભવિષ્યમાં પણ આ અરજી લગત ચોક્કસ ક્યારે સુનાવણી થાય તેવી પણ સ્પષ્ટતા જણાતી નથી, તેવા સંજોગોમાં હાલના કામે આ અરજીની સુનાવણી સુધી જે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરેલ છે,તેને દાવાની આખરી દલીલો સુધી લંબાવી આપવામાં આવે તો કોઈ પક્ષકારને કોઈ જ બાયસ કે પ્રિજ્યુંડાઇસ થવાની સંભાવના નહીવત જણાય છે, અને તેથી વાદગ્રસ્ત મિલકતની યથાવત પરિસ્થિતિ તા.૨૯/૪/૨૦૨૨નાં હુકમ મુજબ દાવાનાં આખરી નિકાલ સુધી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે, અને વધુમાં આ અરજીમાં માંગેલ દાદ પરત્વેની સુનાવણી આ દાવાની આખરી દલીલો સાથે રાખવાનો અને આ અરજી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨/૮/૨૦૨૩નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(મિસ ભારતી કનુભાઈ જાદવ)

પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ

વિજાપુર કોડ જીજે૦૦૯૮૫